તા. ૧૭.૧૦.૨૦૨૬

**DV update: Police Technical (Wireless) Cadre ની પ્રથમ તબક્કાની દસ્તાવેજ ચકાસણી માટે Qualified ઉમેદવારોની યાદી જાહેર કરવા બાબત અંગે**

(1) જાહેરાત ક્રમાંકઃ GPRB/**202526/2** અન્વયે પોલીસ સબ ઇન્સ્પેક્ટર (વાયરલેસ) અને ટેકનિકલ ઓપરેટરની તા.૨૩.૦૮.૨૦૨૬ના રોજ લેવામાં આવેલ લેખિત પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવારોના ગુણ તા.૦૮.૧૦.૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલ હતા. જે ઉમેદવારો પોતાના લેખિત પરીક્ષાના ગુણ અંગે Rechecking (પુનઃચકાસણી) કરાવવા ઇચ્છતા હોય તે ઉમેદવારો પાસેથી તા.૧૫.૧૦.૨૦૨૬ સુધીમાં અરજી મંગાવવામાં આવેલ હતી. નિયત સમયગાળા દરમિયાન મળેલ અરજીઓની પુનઃચકાસણી કરવામાં આવેલ છે. અરજીઓ અન્વયેના ઉમેદવારોના પરીણામમાં કોઇપણ પ્રકારનો ફેરફાર થયેલ નથી. **Rechecking (પુનઃચકાસણી) અંગે મળેલ અરજીઓની વિગત જોવા** **અહીં કલીક કરો....**

(2) લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણ તથા નિયમોનુસાર મળવાપાત્ર વધારાના ગુણ (જેવા કે, રમતગમત, વિધવા) સહિત મેળવેલ કુલ ગુણ મુજબ પ્રથમ તબક્કાની દસ્તાવેજ ચકાસણીની યાદી તૈયાર કરવામાં આવેલ છે. જો આવા ઉમેદવારો દસ્તાવેજ ચકાસણી સમયે નિયમ મુજબ વધારાના ગુણ અંગે માન્ય પ્રમાણપત્ર ધરાવતા નહી હોય તો ઉમેરવામાં આવેલ વધારાના ગુણ રદ્દ થશે. જે તમામને બંધનકર્તા રહેશે.

(3) અનામત કેટેગીરીના જે ઉમેદવારોએ ઉંમરનો લાભ લીધેલ ન હોય અને જનરલ કેટેગીરીના કટ-ઓફ કે તેથી વધુ ગુણ ધરાવતા હોય તેવા ઉમેદવારોનો જનરલ કેટેગીરીની યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે.

(4) ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઇપણ ઉમેદવાર ગેરલાયક હોવા છતાં, તેમને યાંત્રિક, કલેરીકલ અથવા બીજી કોઇપણ ભૂલના લીધે લાયક ગણવામાં આવેલ હશે અગર પસંદ કરવામાં આવેલ હશે તો કોઇપણ તબકકે તે રદ થવા પાત્ર રહેશે.

(5) લેખિત પરીક્ષા દરમ્યાન દરેક વર્ગખંડમાં ઉપયોગ કરવામાં આવેલ CCTV કેમેરા રેકોર્ડીંગની ચકાસણીની કાર્યવાહી હાલમાં ચાલી રહેલ છે. જો કોઇ ગેરરીતી માલુમ પડશે તો સબંધિત ઉમેદવારની ઉમેદવારી રદ કરવામાં આવશે જે તમામને બંધનકર્તા રહેશે.

(6) સરકારશ્રી /નામદાર કોર્ટ તરફથી વખતો વખત જે ચૂકાદો/નિર્ણય આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(7) સરકારશ્રીના ગૃહ વિભાગના તા.03-૧૦-૨૦૨૪ના ઠરાવ ક્રમાંકઃ GHG/106/2024/PWS/ 102024/1031/C1 અન્વયે ઉમેદવારોને પ્રથમ તબક્કાની દસ્તાવેજ ચકાસણી માટે બોલાવવામાં આવનાર છે. જો જરૂર જણાશે તો વધુ ઉમેદવારોને પછીથી બોલાવવામાં આવશે.

Downloaded from AIJobAlert.com · Verify all details on the official website.

(8) પો.સ.ઇ. (વાયરલેસ)-૧૭૨ અને ટેકનિકલ ઓપરેટર – ૬૯૮ મળી કુલ-૮૭૦ ખાલી જગ્યા માટે પ્રથમ તબક્કામાં કુલ-૧૦૬૩ ઉમેદવારો દસ્તાવેજ ચકાસણી માટે Qualified થયેલ છે.

**દસ્તાવેજ ચકાસણી માટે કેટેગીરીવાઇઝ કટ-ઓફ નીચે મુજબ છે.**

| કેટેગીરી | પુરૂષ ઉમેદવારો માટે કટ-ઓફ માર્કસ | મહિલા ઉમેદવારો માટે કટ-ઓફ માર્કસ | દસ્તાવેજ ચકાસણી માટે Qualified થયેલ કુલ ઉમેદવારોની સંખ્યા |
|---|---|---|---|
| GENERAL | ૧૦૦.૫૦૦ | ૮૧.૦૦૦ | ૭૦૭ |
| EWS | ૮૦.૭૫૦ | - | ૮૮ |
| SEBC | ૮૦.૫૦૦ | - | ૧૯૩ |
| SC | ૮૨.૦૦ | ૧૨૩.૦૦૦* | ૫૪ |
| ST | ૮૧.૨૫૦ | - | ૨૧ |

*ઉમરનો લાભ લીધેલ હોવાથી જનરલમાં સમાવેશ થઇ શકેલ નથી તેવા એક ઉમેદવાર

- પુરૂષ ઉમેદવારોની દસ્તાવેજ ચકાસણીની યાદી જોવા માટે **અહી કલીંક કરો..**
- મહિલા ઉમેદવારોની દસ્તાવેજ ચકાસણીની યાદી જોવા માટે **અહી કલીંક કરો..**

(9) પ્રથમ તબક્કામાં દસ્તાવેજ ચકાસણી માટે Qualified થયેલ કુલ-૧૦૬૩ ઉમેદવારોની દસ્તાવેજ ચકાસણી તા.૨૭.૧૦.૨૦૨૬ તથા તા.૨૮.૧૦.૨૦૨૬ના રોજ યોજવામાં આવનાર છે. જે માટેના કોલલેટર https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપરથી તા.૨૨.૧૦.૨૦૨૬ના રોજ કલાક ૧૪:૦૦ થી ડાઉનલોડ કરી શકાશે.

(10) ઉમેદવારોએ દસ્તાવેજ ચકાસણી દરમ્યાન સાથે લાવવાના થતાં દસ્તાવેજોનું ચેકલીસ્ટ ટુંક સમયમાં મુકવામાં આવશે.

Downloaded from AIJobAlert.com · Verify all details on the official website.